ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ
નિગમને રાષ્ટ્રીય અલ્પસંખ્યક નાણાં અને
વિકાસ નિગમ, નવી દિલ્હીની શેરમૂડીની
ગ્રાન્ટ ફાળવવા બાબત.
રૂ.૧૫૦.૦૦ લાખ વર્ષ ૨૦૨૧-૨૨

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ લઘસ-૧૦૦૭-૧૦૬૨-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૭/03/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫-૦૫-૨૦૨૧ નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦/૨૦૨૦/૩૦૯/બ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૯-૦૨-૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૨૧-૨૨/૧૭૪-૭૫

ઠ રા વઃ-

ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને રાષ્ટ્રીય અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે શેરમુડી ફાળા માટે રૂ.૧૫૦.૦૦ લાખ ( અંકે રુપિયા એક સો પચાસ લાખ પુરા) ની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે આ વિભાગના વંચાણ-(૧) સામે દર્શાવેલ તા.૦૫/૦૫/૨૦૨૧ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનાં વંચાણ-(૨) હેઠળના તા.૦૯-૦૨-૨૦૨૨નાં પત્રથી આ ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમના હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે રૂ.૧૫૦.૦૦ લાખ(અંકે રુપિયા એક સો પચાસ લાખ પુરા)ની શેરમુડી ફાળાની ગ્રાન્ટ ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને આથી મંજૂરી આપવામાં આવે છે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મૂખ્ય સદર-૦૪ લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડી

રોકાણ, પેટા સદર- એમએનટી-૧૨ રાષ્ટ્રીય અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને શેરમૂડી ફાળો હેઠળ ઉધારવાનો રહેશે.

૪. આ રકમ નાણાં વિભાગ દ્વારા વખતોવખત છુટી કરવામાં આવતી ગ્રાન્ટના પ્રમાણસર છુટી કરવાની રહેશે.

૫. આ ઠરાવ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક-(૧) સામેના તા.૦૫-૦૫-૨૦૨૧ના ઠરાવથી ચાલુ બાબતોને નાણાં વિભાગ દ્વારા આપવામાં આવેલ મંજૂરી તથા સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના નાણાં વિભાગની તા.૦૮-૦૩-૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી( બજેટ શાખા/કોમ્પ્યુટર સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨